સત્યમેવ જયતે

**આંક–૧૬**

**<u>નમુના–અ</u>**

**મે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ,**

**(શ્રી જે. એ. રાણા)**

**એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**

**સરસ નેગો. કોર્ટ નં. ૪, અમદાવાદ સીટી**

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૪૭૪૮/૨૦૨૫ |

**<u>–:: ગુનાની વિગત ::–</u>**

| | |
|---|---|
| ગુનાની કલમ | **ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ મુજબ.** |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | –– |
| પોલીસ સ્ટેશન | –– |
| ફરિયાદી | **ચિન્મય ફિનલીઝ લિમિટેડના અધિકૃત અધિકારી (છત્રાલા રોનિત)**<br>ઉ.વ.૨૪<br>રહે. ત્રીજો/ચોથો માળ, હાઉસ ૧૪,ટાઈમ્સ કોર્પોરેટ પાર્ક,કોપર સ્ટોન ફ્લેટની સામે, થલતેજ, અમદાવાદ: ૩૮૦૦૫૯ |
| ફરિયાદી તરફે | વિ.વકીલ શ્રી:– એસ.પી.શાહ |
| આરોપી | **માનસ બિસ્વાલ**<br>ઉ.વ.આ:–૩૭, ધંધોઃ–નોકરી<br>રહેઠાણ.સોઢાપાલી,જાંગેદ, |

| | |
|---|---|
| | અટ્ટબીરા,બારગઢ,ઓડિસા–૭૬૮૦૨૭ |
| આરોપી તરફે | વિ.વકીલ શ્રી:–એસ.એન.મકવાણા |

**–:: નમુના–બ ::–**

| | |
|---|---|
| ગુનાની તારીખ | –– |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | –– |
| આખરી અહેવાલની તારીખ | –– |
| પ્લી તારીખ | ૧૮/૦૮/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૮/૦૮/૨૦૨૫ |
| ચૂકાદા માટે અનામત રાખવાની તારીખ | –– |
| ચૂકાદાની તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | **૧૭/૦૪/૨૦૨૬** |

**–:: આરોપીની વિગત ::–**

| | |
|---|---|
| આરોપી નંબર | –– |
| આરોપીનું નામ | **માનસ બિસ્વાલ** |
| આક્ષેપાયેલ ગુનાની વિગત | ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ મુજબ |
| શું નિર્દોષ છોડયા / સજા કરી | સજા કરી |
| આપવામાં આવેલ સજા | **૧ વર્ષની સજા અને વળતર** |
| ફો.કા.સ.કલમ–૪૨૮ અન્વયે ઈ.કા.ના સમયગાળા દરમ્યાન કરેલ અટકાયતનો સમયગાળો | – |

**–:: નમુનો ક ::–**

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષના સાક્ષીની**

| **અનુક્રમ નંબર.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફ.સા.૧ (આંક–૦૩) | ચિન્મય ફિનલીઝ લિમિટેડના અધિકૃત અધિકારી (છત્રાલા રોનિત) (સરતપાસ) | ફરિયાદી |

**બ. બચાવપક્ષના સાક્ષી**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સા. | -- | -- |

**<u>ક. ન્યાયાલયના સાક્ષી</u>**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સા. | -- | -- |

## <u>ફરિયાદી/બચાવ/ન્યાયાલયના અંકની યાદી</u>

**<u>અ. ફરિયાદપક્ષ</u>**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧.(ફ.સા.૧) | ૧૦ | કુલ બાકી નકારાયેલા વ્યવહારોના પુરાવાની નકલ |
| ૨.(ફ.સા.૧) | ૦૯ | ચુકવણી અને સમાધાન પ્રણાલી અધિનિયમ,૨૦૦૭ ની કલમ ૨૫ હેઠળ ઈ-મેલ દ્વારા કુલ બાકી ચુકવણી માટે જારી કરાયેલ સૂચનાની ઓફિસ નકલ |
| | | |
| ૩.(ફ.સા.૧) | ૧૧ | કંપનીના ઓથોરાઈઝ લેટરની નકલ |
| ૪.(ફ.સા.૧) | ૧૨ | ફરિયાદીના આધારકાર્ડની નકલ |
| ૫.(ફ.સા.૧) | ૧૩ | આર.બી.આઈ. ના લાઈસન્સની નકલ |
| ૬.(ફ.સા.૧) | - | બેંકની વિગતો |

**<u>બ. બચાવપક્ષ</u>**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| -- | -- | -- |

**<u>ક. ન્યાયાલય આંક</u>**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| -- | -- | -- |

**<u>ડ. ભૌતિક પદાર્થ</u>**

| અનુક્રમ | ભૌતિક પદાર્થ | વર્ણન |
|---|---|---|
| -- | -- | -- |

**-::ચૂકાદો::-**

(૧) ફરિયાદીની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી ચિન્મય ફિનલીઝ લિમિટેડ છે. જેની હેડ ઓફીસ અમદાવાદ ખાતે આવેલી છે. ફરિયાદી કંપની જુદી-જુદી યોજના અંતર્ગત લોન/ધિરાણનો વ્યવસાય કામ કરે છે. ફરિયાદીને કંપની વતી ફરિયાદ દાખલ કરવા માટે હોદ્દા ની રૂએ તથા ઓથોરિટી લેટરની રૂએ ફરિયાદ લાવવા કરવાના અને ચલાવવાના પાવર્સ છે. ફરિયાદી ફરિયાદના દસ્તાવેજોની હકીકતથી માહિતગાર છે. જે ઠરાવના આધારે ફરિયાદીએ હાલની ફરિયાદ દાખલ કરેલ છે. વધુમાં ફરિયાદીએ જણાવેલ છે કે, આ કામના આરોપીએ ફરિયાદીની બેન્કમાંથી પર્સનલ લોન માટે રૂ.૧,૦૦,૦૦૦/- નું ધિરાણ મેળવેલ. આરોપીએ જુદી-જુદી શરતો અને નિયમોને અનુસરવાની બાંહેધરી રૂપે લોન એગ્રીમેન્ટ કંપનીએ આરોપીના માંગણી મુજબ લોન/ધીરાણ/નાણાકીય સુવિધા પુરી પાડેલ છે. જે ધીરાણ/નાણાંકીય સુવિધાને ફરિયાદી બેન્કમાં લોન એકાઉન્ટ નંબર-૧૩૨૯૮૨૫ થી મેઈન્ટેન/નિભાવણી કરવામાં આવેલ છે.

(૧.૧) હવે, ઉપરોકત લોનની સુવિધાની શરતો અને નિયમો મુજબ આરોપીને ઉકત ધીરાણ/લોનની સુવિધા હેઠળ ઉપયોગ કરેલ કાયદેસર બાકી નિકળતા નાણાં માસિક હપ્તા પેટે ચૂકવણીની રકમ દર માસે ચૂકવવા માટે આરોપીએ ઓટો ડેબિટ ઈલેકટ્રોનીકસ ફંડ ટ્રાન્સફર માટે ઈલેક્ટ્રોનીક ક્લિયરીંગ સર્વીસનો વિકલ્પ પસંદ કરેલ અને ફરિયાદી ચિન્મય ફિનલીઝ લિમિટેડ ને આદેશાત્મક નિર્દેશો કરેલ કે, લોન નંબર-૧૩૨૯૮૨૫ પેટે તેઓની બેન્કના ખાતા નંબર-૫૩૪૧૬૦૩૮૧૪ માંથી લેણા ચૂકવી આપવા અને તે મુજબ ફરિયાદીના ખાતામાં રકમ જમા કરવાનું નક્કી થયેલ.

(૧.૨) આમ, આરોપીએ ફરિયાદીને આશ્વાસન આપેલ કે, તે પોતાના ખાતામાં પુરતુ ભંડોળ નિભાવશે અને ઉપરોકત જણાવેલ સરખા માસિક હપ્તાની રકમ ફરિયાદીના ખાતામાં સદર લોન/ધીરાણનો ઉપયોગ કરેલ સુવિધાના વ્યવહાર પરિશિષ્ટ અનુસાર જમા કરાવશે. ત્યારબાદ ઈલેકટ્રોનીકસ ઓટોડેબિટ માધ્યમથી તા:૧૩/૦૩/૨૦૨૫ ના રોજ ફરિયાદી બેન્કના ખાતામાં જમા કરતાવતા તે રકમ **રૂ.૧,૪૦,૫૭૩/–** (અંકે રૂપિયા એક લાખ ચાલીસ હજાર પાંચ સો તોતેર પુરા), **કે.વાય.સી. ડોક્યુમેન્ટ પેન્ડીંગ** ના શેરાથી પરત આવેલ છે જે ફંડસ અસ્વીકૃતીની જાણ ફરિયાદીને તેઓની બેંક થકી થયેલ છે.

(૧.૩) ઉપરોકત ઈલેકટ્રોનીક ફંડ ટ્રાન્સફર પરત આવતા ફરિયાદીએ તા. ૧૩/૦૩/૨૦૨૫ ના રોજ આરોપીને ઇ–મેલ દ્વારા આરોપીએ આપેલ ઇ–મેલ એડ્રેસ ઉપર મોકલવામાં આવી છે. આમ, આરોપીએ ધીરાણ મેળવયા બાદ એગ્રીમેન્ટ મુજબ ફરિયાદીની કાયદેસર લેણી રકમ ચૂકવી આપેલ નથી કે કંપનીમાં રુબરુ આવી કંપનીને ધીરાણ પરત ન કરવા બાબતે જાણ કરેલ નથી.જેથી, ફરિયાદીએ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ **(કે જેને સરળતા ખાતર હવે પછી આ ચુકાદામાં "અધિનિયમ" તરીકે સંબોધવામાં આવેલ છે)** મુજબની ફરિયાદ દાખલ કરેલ છે. જે ફરિયાદ સાથે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.

**<u>કોર્ટ કાર્યવાહી:–</u>**

(૨) આરોપી સામે રજૂ થયેલ ફરિયાદ તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ આરોપી સામે પ્રોસેસ ઈશ્યુ કરવા હુકમ કરેલ છે. જે આરોપીને ધોરણસર બજવણી થતાં આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ અને તેઓને ફરિયાદ તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા મળ્યા

અંગે ખાતરી કરવામાં આવેલ છે અને આરોપીઓ સામે આક્ષેપિત ગુન્હા અંગે અન્વયે **આંક–૦૭** થી જવાબ રેકર્ડ કરવામાં આવેલ. જેમાં તેઓ સામે મૂકવામાં આવેલ તમામ આક્ષેપોનો તેઓએ ઈન્કાર કરેલ અને કેસની ઈન્સાફી કાર્યવાહીની માંગણી કરેલ. હાલના કામે ફરિયાદી ધ્વારા રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ છે.

**આરોપીનો બચાવ તથા વિશેષ નિવેદન:–**

(૩) ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટના **મનોજ વાસુદેવ સોમપુરા વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો R/SCR.A/6721/2023** માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતાં આરોપીને તેઓની સામે ચાલતા કેસની તમામ જાણકારી હોય, હાજર હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

**પક્ષકારો તરફેની દલીલો:–**

(૪) હાલના કામે ફરિયાદી તરફે વિ.વ.શ્રી દ્વારા મૌખિક દલીલો કરેલ છે, તેનું પુનરાવર્તન ટાળવા પુરાવાના પૃથક્કરણમાં વણી લેવામાં આવેલ છે તથા આરોપી તરફે દલીલો રજૂ કરવાનો હક્ક બંધ કરવા માં આવેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો, સમગ્ર પુરાવાઓ તથા બચાવો ધ્યાને લેતાં, હાલના કેસના આખરી ન્યાયિક નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**આરોપી વિરૂધ્ધનું તહોમત/મુદ્દાઓ:–**

(૫) ફરિયાદી દ્વારા રજૂ થયેલ તમામ હકીકતો સમગ્ર પુરાવાઓ તથા બચાવો ધ્યાને લેતા, હાલના કેસના આખરી ન્યાયિક નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:મુદ્દાઓ:–**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એ પૂરવાર કરે છે કે, આ

કામના આરોપીએ ફરિયાદી બેન્ક પાસેથી લોન/ધિરાણ મેળવેલ છે અને ફરિયાદી કંપનીની બાકી લ્હેણી રકમ ચૂકવવા માટે આરોપીએ ઈલેક્ટ્રોનીક કિલયરીંગ સર્વીસ (ઈ.સી.એસ) માધ્યમનો વિકલ્પ પસંદ કરેલ અને તે મુજબ તેઓની બેન્કને સુચના આપેલ હતી. જેથી ફરિયાદી કંપનીએ તેમની માસિક બાકી લ્હેણી રકમ વસુલવા માટે **રૂ.૧,૪૦,૫૭૩/-** (અંકે રૂપિયા એક લાખ ચાલીસ હજાર પાંચ સો તોતેર પુરા)નું મેન્ડેટ ફોર્મે સદર સિસ્ટમથી પોતાની બેન્કમાં જમા કરાવતા તે **"કે.વાય.સી. ડોક્યુમેન્ટ પેન્ડીંગ"** ના કારણે પરત થયેલ અને તે અંગે ફરિયાદીને જાણ થતા ફરિયાદી દ્વારા તે રકમની માંગણી કરતી નોટિસ કરવામાં આવેલી જે નોટિસ ની આરોપીને બજવણી કરેલ છે. તેમછતા ફરીયાદીની કાયદેસર ની ધીરાણ ની લેણી રકમ ન ચૂકવી આપી આરોપીએ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ-૨૦૦૭ ની કલમ-૨૫ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નંબરઃ- (૧) **હકારમાં.**

મુદ્દા નંબરઃ- (૨) **આખરી હુકમ મુજબ.**

**-:: કારણો ::-**

**મુદ્દા નંબરઃ-૧ અને ૨ ની સંયુક્ત ચર્ચાઃ-**

(૭) અત્રે એ હકીકત નોંધવી જરૂરી છે કે, "અધિનિયમ" ની જોગવાઈઓ

દેશમાં નાણાંની ચૂકવણીની પ્રણાલીઓને નિયમન કરવા અને તે પર દેખરેખ રાખવાના હેતુથી બનાવવામાં આવેલ છે. વધુમાં કાયદો ઘડવા માટેનો મુખ્ય ઉદ્દેશ દેશમાં થતી નાણાંકીય ચૂકવણીઓ પર દેખરેખનો છે અને તે બાબતો તકરારો માટે ભારતીય રિઝર્વ બેન્કને ડેઝીગ્નેટેડ ઓથોરીટી તરીકે નિયુકત કરવામાં આવેલ છે. વધુમાં આ કાયદો ક્રેડીટ સબંધી ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવાનો છે. ફરિયાદી દ્વારા હાલની ફરિયાદ "અધિનયિમ" ની કલમ–૨૫ અન્વયે દાખલ કરેલ છે. ત્યારે આ તબક્કે સદરહું જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**SECTION 25** : Dishonour of electronic funds transfer for insufficiency, etc., of funds in the account

**(1)** Where an electronic funds transfer initiated by a person from an account maintained by him cannot be executed on the ground that the amount of money standing to the credit of that account is insufficient to honour the transfer instruction or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with a bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to twice the amount of the electronic funds transfer, or with both :

Provided that nothing contained in this section shall apply unless -

(a) the electronic funds transfer was initiated for payment of any amount of money to another person for the discharge, in whole or in part, of any debt or other liability;

(b) the electronic funds transfer was initiated in accordance with the relevant procedural guidelines issued by the system provider;

(c) the beneficiary makes a demand for the payment of the said amount of money by giving a notice in writing to the person initiating the electronic funds transfer within thirty days of the receipt of information by him from the bank concerned regarding the dishonour of the electronic funds transfer; and

(d) the person initiating the electronic funds transfer fails to make the payment of the said money to the beneficiary within fifteen days of the receipt of the said notice.

**(2) It shall be presumed, unless the contrary is proved, that the electronic funds transfer was initiated for the discharge, in whole or in part, of any debt or other liability.**

**(3)** It shall not be a defence in a prosecution for an offence under sub-section (1) that the person, who initiated the electronic

funds transfer through an instruction, authorisation, order or agreement, did not have reason to believe at the time of such instruction, authorisation, order or agreement that the credit of his account is insufficient to effect the electronic funds transfer.

**(4)** The Court shall, in respect of every proceeding under this section, on production of a communication from the bank denoting the dishonour of electronic funds transfer, presume the fact of dishonour of such electronic funds transfer, unless and until such fact is disproved.

**(5) The provisions of Chapter XVII of the Negotiable Instruments Act, 1881 (26 of 1881) shall apply to the dishonour of electronic funds transfer to the extent the circumstances admit.**

**Explanation.-** For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability, as the case may be.

ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા કલમ–૨૫(૫) મુજબ ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટના પ્રકરણ–૧૭ ની જોગવાઈઓ રીટર્ન થયેલ ઈલેકટ્રોનીક ફંડસ ટ્રાન્સફરને લાગુ પડશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં સદરહું કાયદાની કલમ–૨૫(૨) માં જ્યાં સુધી વિરુધ્ધની હકીકત સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી ઈલેકટ્રોનીક ફંડસ ટ્રાન્સફર કોઈ કાયદેસરનું દેવું અથવા જવાબદારીની અદાયગી પેટે આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવા જણાવેલ છે. સદરહું કાયદાકીય જોગવાઈ મુજબનું અનુમાન ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ કરવામાં આવતા અનુમાન શબ્દશ: જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેના અનુમાન અંગે નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા **Rohitbhai Jivanlal Patel Vs. State Of Gujarat and anr. 2019 INSC 393 = [2019] 5 S.C.R. 417** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લઈએ તો આરોપીએ શકયતાની પ્રબળતા અન્વયેની હકીકતો રેકર્ડ પર લાવવી જરુરી છે કે, જેનાથી કહેવાતો વ્યવહાર અસ્તિત્વમાં ન હોવાની હકીકત માને તેવી હકીકત આરોપીએ રેકર્ડ ઉપર લાવવી જરુરી છે. વધુમાં ફરિયાદપક્ષે કેસની

હકીકતોનો માત્ર ઈન્કાર કરવાથી બચાવપક્ષ ઉપર રહેલ પુરાવાના બોજામાંથી મુકિત મેળવી શકાતી નથી તેમ ઠરાવેલ છે. વધુમાં આરોપી દ્વારા ચેકની ઉપરની સહીનો સ્વીકાર કરવામાં આવે તે સમયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ અન્વયેનું અનુમાન અમલમાં આવે અને આરોપી દ્વારા ચેક એ કાયદેસરનું દેવું કે જવાબદારી પેટે આપેલ નથી તે પુરવાર કરવાનો બોજો આરોપી પર રહેલો છે તેવું નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા **Rangappa Vs. Shri Mohan, AIR 2010 INSC 289 = [2010] 6 S.C.R. 507** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે. સદરહું પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઈ રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવાથી આરોપી પોતાના પુરાવાના બોજામાંથી મુકિત મેળવી શકે કે કેમ ? તે નક્કી કરવું જરૂરી છે.

(૮) હવે, પ્રસ્તુત કામે ફરિયાદી દ્વારા હાલની ફરિયાદ આદેશાત્મક જોગવાઇઓનું પાલન કરી દાખલ કરવામાં આવેલ છે કે નહીં તે અંગે જોવામાં આવે તો **ચિન્મય ફિનલીઝ લિમિટેડ.** દ્વારા આ કામના ફરિયાદીને ઓથોરીટી લેટર આપેલ છે તે બાબતે આરોપી દ્વારા કોઈ તકરાર લેવામાં આવેલ નથી. જેથી રજૂ થયેલ પુરાવા આધારે ફરિયાદી દ્વારા કાયદાની કલમ–૨૫(૧)(એ) મુજબ ફરિયાદીની તરફેણમાં ઓથોરિટી ઈશ્યુ થયેલ હોવાનું ફલિત થાય છે. હાલના કામે ફરિયાદી દ્વારા સિકયુરીટી પેટે મેન્ડેટના આધારે આરોપી પાસે બાકી નિકળતી માસિક લ્હેણી રકમ માટે તે રજૂ કરતા **૧૩/૦૩/૨૦૨૫** ના રોજ આરોપીના ખાતામાંથી **"કે.વાય.સી. ડોક્યુમેન્ટ પેન્ડીંગ"** ના કારણે તેવું મેન્ડેટ રીટર્ન થયેલ છે. તે બાદ ફરિયાદી દ્વારા સદરહુ ઈલેકટ્રોનીક મેન્ડેટ (ઈ. સી.એસ.)ની રકમની માંગણી કરતી ડિમાન્ડ નોટિસ કાયદાની કલમ–૨૫(૧)(સી) મુજબ તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ આરોપીના ઈ–મેલ એડ્રેસ ઉપર મોકલેલ છે જે નોટિસની કોપી **આંક–09** થી રજૂ કરેલ

છે. જે વંચાણે લેતા **"મેન્ડેટ ફોર્મ"** રીર્ટન થયાના દિન–૩૦ માં આરોપી પાસે લ્હેણી રકમની માંગણી કરવામાં આવેલ છે અને તેમ કરી ફરિયાદીએ કાયદાની કલમ–૨૫(૧)(સી) નું પાલન કરેલ છે. જે દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા આરોપીને નોટીસ બજ્યા વગર પરત આવેલ છે તેથી માંગણાની રકમ દિન–૧૫ માં ચૂકવી આપેલ હોય તેવો કોઇ બચાવ હાલના કામે લેવામાં આવેલ નથી. જેથી આરોપી દ્વારા કાયદાની કલમ–૨૫(૧)(ડી) ની જોગવાઇનું પાલન કરી દિન–૧૫ માં રકમ ચૂકવી આપેલ નથી. જે તમામ હકીકત ધ્યાને લેવામાં આવે તો હાલના કામે ફરિયાદી દ્વારા કાયદામાં જણાવ્યા મુજબની આદેશાત્મક જોગવાઇઓનું પાલન કરી હાલની ફરિયાદ દાખલ કરેલ હોવાનું ફલિત થાય છે.

(૯) હાલની ફરિયાદ "અધિનિયમ" ની કલમ–૨૫ અન્વયે દાખલ થયેલ છે. જેમા અધિનિયમની કલમ–૨૫(૨) માં ફરિયાદીની તરફેણમાં કાનુની અનુમાન કરવા જોગવાઇ કરવામાં આવેલ છે. જે અનુમાન અંગે ફરિયાદી લોન / ધીરાણ મેળવ્વા માટેની અરજીમાં આરોપીના બેન્ક ખાતામાંથી રકમ ડેબિટ કરવા માટે ફરિયાદી ચિનમય ફિનલીઝ લિમિટેડ ને અધિકૃત કરવામાં આવેલ છે અને તેમાં આરોપીની સહી હોવા અંગેની હકીકત સાબિત કરવામાં આવે તો જ આરોપી વિરુધ્ધ કાયદાની કલમ–૨૫(૨) મુજબ અનુમાન થઇ શકે અને તે બાદ તે અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપી પર તબદીલ થાય છે અને જ્યાં સુધી તે અનુમાનનું ખંડન ન કરે ત્યાં સુધી આરોપીએ તે ગુન્હો આચરેલ હોવા અંગે કાયદાકીય અનુમાન કરવાનું છે.

(૧૦) પ્રસ્તુત કેસમાં ફરિયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાન કરવું જરુરી છે. આ કામે આરોપીએ, ફરિયાદી બેન્ક પાસેથી લોન /

ધીરાણ મેળવેલ જ નથી કે તેઓએ લોન / ધીરાણની ભરપાઇ કરી દીધેલ હોય તેમ છતા ફરિયાદી બેન્ક દ્વારા તેઓની ઉપર ખોટો કેસ દાખલ કરવામાં આવેલ હોય તેવી કોઇ જ હકીકત આરોપી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી તેમજ ફરિયાદપક્ષે રજૂ થયેલ તમામ પુરાવાઓને પડકારેલ નથી. ફરિયાદીએ તેઓના કેસ મુજબની જ હકીકતો તેમના પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે અને આરોપીને પ્રસ્તુત કેસમાં પુરતી તક આપવા છતા, આ દસ્તાવેજોને અત્રેની અદાલત સમક્ષ પડકારવામાં આવેલ નથી. આરોપી દ્વારા ફરિયાદપક્ષે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાને પડકારેલ નથી કે પોતાના સમર્થનમાં કોઇ પુરાવો રજૂ કરેલ નથી. જેથી, આ તમામ દસ્તાવેજો નહીં માનવાને કોઇ કારણ જણાઇ આવતું નથી અને આ તમામ દસ્તાવેજો વંચાણે લેવામાં આવે તો ફરિયાદીના કેસને સંપૂર્ણપણે સમર્થન પ્રાપ્ત થાય છે.

(૧૧) આ તબક્કે નામદાર ગુજરાત હાઇકોર્ટનાં **harad Jethalal Savla v. State of Gujarat 2017(3) GLH 146** ના ચુકાદાનો પેરા નંબર-૨૫ ધ્યાને લેવો જરૂરી છે.

25. However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub-section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.

ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિને ધ્યાને લેતા, અદાલત કોઇ પણ પક્ષકારની ગેરહાજરીમાં જજમેન્ટ/ચુકાદો જાહેર કરી શકે છે. બી. એન. એસ.એસ.ની કલમ-૩૯૨ થી અદાલતને આ સત્તા પ્રાપ્ત થાય છે. હાલનો કેસ મુલતવી રાખવા માટે રેકર્ડ ઉપર કોઇ વાજબી કારણ ઉપલબ્ધ નથી.

(૧૨) હાલનો કેસ ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું

અત્રેની અદાલતનું સ્પષ્ટપણે માનવું છે. "અધિનિયમ" ની કલમ-૨૫ ધ્યાને લેતા, આરોપીને સજા કરવામાં આવે તથા વળતર અપાવવાનો હુકમ કરવામાં આવે તો, ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું અત્રેની અદાલતનું સ્પષ્ટપણે માનવું છે જેથી **મુદ્દા નંબર- ૧ નો જવાબ હકાર માં ફરમાવી મુદા નં. ૨** પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

(૧) આ કામના આરોપી **માનસ બિસ્વાલ,** ઉ.વ.આ:- ૩૭,ધંધોઃનોકરી,રહે.સોઢાપાલી,જાંગેદ,અટ્ટબીરા,બારગઢ, ઓડિસા-૭૬૮૦૨૭ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૨૫૫(૨) અન્વયે ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ-૨૦૦૭ ની કલમ-૨૫(૧) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **૧ વર્ષની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી **માનસ બિસ્વાલ,** ઉ.વ.આ:- ૩૭,ધંધોઃનોકરી,રહે.સોઢાપાલી,જાંગેદ,અટ્ટબીરા,બારગઢ, ઓડિસા-૭૬૮૦૨૭ નાઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૩૯૫ અન્વયે ફરિયાદીને મેન્ડેટની(ઇ) ની બાકી નિકળતી લ્હેણી રકમ **રૂ.૧,૪૦,૫૭૩/-** (અંકે રૂપિયા એક લાખ ચાલીસ હજાર પાંચ સો તોતેર પુરા) આ હુકમની તારીખથી ૩૦ દિવસમાં ચૂકવી આપવા. જો આરોપી વળતરની રકમ ન ચૂકવે તો વધુ ૩ (ત્રણ) માસની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની

કલમ–૪૦૪ મુજબ આ ચુકાદાની એક સોફ્ટ કોપી વિના મૂલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી ગેરહાજર હોય પકડ વોરંટ કાઢવુ.

હુકમ આજરોજ તા. **૧૭**મી માહે–**એપ્રિલ** સને–**૨૦૨૬** ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
JITENDRASINH ABHESINH
RANA
on 17/04/2026 14:57:05 IST.

અમદાવાદ
તારીખ : ૧૭/૦૪/૨૦૨૬

**(જીતેન્દ્રસિંહ અભેસિંહ રાણા)**
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સરસ કોર્ટ નંબર : ૪,
અમદાવાદ સીટી
**(જજ કોડ નં. જીજે૦૧૩૩૮)**